રે.મુ.નં–૩૯/૨૦૧૪

GJVD040000502014

## આંક–૧ લગત હુકમ

દાવો ૨૦૧૪ વર્ષમાં દાખલ થયેલ છે. દાવામાં દાવાવાળી મિલકત હે.આર.એ. ૫–૯૯–૯૫ એટલે કે લગભગ ૩૭ વિઘા જમીન છે. દાવો દાખલ થયો તે વર્ષમાં પણ દાવાવાળી મિલ્કતની અંદાજિત કિંમત રૂ.૩૫ લાખ કરતાં ઓછી હતી નહી અને હાલ પણ તેની કિંમત અંદાજે રૂ. ૭૦ લાખ કરતાં વધુ હોવાનુ વિસ્તાર આધારે જણાય છે. પરંતુ દાવો રેગ્યુલર દિ.મુ.નં. ૩૯/૨૦૧૪ તરીકે દાખલ થયેલ છે. દાવાવાળી મિલ્કતની કિંમત પરથી દાવાની કેટેગરી નક્કી થાય છે. જ્યારે દાદ ને આધારે કોર્ટ ફી નક્કી થાય છે. ખેતીની જમીન હોય તો પણ તેની કિંમત આધારે અને પક્ષકાર આધારે તેની કેટેગરી નક્કી કરવામાં આવવી જોઈએ. તેથી હાલની દાવાવાળી મિલ્કતની કિંમત અને પક્ષકારો જોતાં, સદર દાવો સ્પેશિયલ દાવામાં રૂપાંતરિત કરવાનો હુકમ કરવામાં આવે છે. તેથી દાવા નંબર અને કેટેગરી બદલવા માટે હાલનો દાવો ડિસ્પોઝ ઓફ કરી સ્પેશિયલ દાવા ની કેટેગરીમાં સામેલ કરવો.અત્રે નોંધનીય છે કે ચુકાદો લખાવતા સમયે સદર મુદ્દો ધ્યાને આવેલ હોય, ચુકાદાના તબક્કે સદર હુકમ કરવામાં આવેલ છે.સદર હુકમની જાણ બન્ને પક્ષના વ.શ્રીઓને પત્ર મારફતે કરવી.

હુકમ આજ રોજ તારીખ ૨૧મી, માહે–જાન્યુઆરી, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૧/૦૧/૨૦૨૬
પાદરા.

**(ડો.મંજુદેવી શારદાપ્રસાદ પાંડે)**
પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ,
પાદરા.
(કોડ નં.જીજે.૦૦૮૬૦)